**બિડાણઃ** સેકશન અધિકારીશ્રી કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૪.૦૫.૨૦૧૫નો પત્ર શેરા ક્રમાંકઃ પરચ/ ૧૩૨૦૧૪ / ૧૮૫૪/ મ.૩

**વિષયઃ** " મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશ અંગેનો કાર્યક્રમ તા.૦૧.૦૫.૨૦૧૫ થી તા. ૧૫.૦૫.૨૦૧૫

---

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/ ૬૦૨૫-૭૬/૨૦૧૫.** **તારીખઃ૦૬/૦૫/૨૦૧૫.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**<u>નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.</u>**

**<u>નકલ સવિનય રવાના</u>**:–અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારુ.

***<u>૨/– આ સાથે સામેલ સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધનગરના તા.૦૪.૦૫.૨૦૧૫ના પત્ર સાથે સામેલ શરેહી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૩.૦૪.૨૦૧૫ના પરિપત્ર અન્વયે અમલ થવા સારુ.</u>***

સ્વચ્છતા અભિયાન

તાત્કાલિક

સમયમર્યાદા

ક્રમાંકઃ- પરચ/૧૩૨૦૧૪/૧૮૫૪/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૫/૨૦૧૫

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ
- સેક્શન અધિકારીશ્રી, મ-૧ શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

વિષયઃ- "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશ અંગેનો કાર્યક્રમ તા.૦૧/૦૫/૨૦૧૫ થી તા.૧૫/૦૫/૨૦૧૫

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે ઉપસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ – ૨૩/૦૪/૨૦૧૫ના પરિપત્રક્રમાંક – મસમ/૧૦૨૦૧૫/૨૭/MGSM Cellની નકલ મોકલી આપતાં આજ્ઞાનુસાર જણાવવાનું કે તા.૦૧/૦૫/૨૦૧૫ થી તા.૧૫/૦૫/૨૦૧૫ દરમ્યાન રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરેલ હોઇ આ વિભાગના તા.૨૪/૦૪/૨૦૧૫ના પત્ર તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૩/૦૪/૨૦૧૫ના પરિપત્રની સુચનાઓ ધ્યાને લઈ તેમાં દર્શાવેલ તારીખવાઈઝ પ્રવૃત્તિઓનું આયોજન કરવા બાબતે યોગ્ય કાર્યવાહી કરવા તથા તે અંગે સંબંધિતોને સુચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(એસ.બી.કરોડે)
સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ

A 33

જ.ક્ર.નં. ૩૯૯૨
તા. 6 MAY 2015
એડીએમ-3 શાખા

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઇ ઝુંબેશ અંગેનો કાર્યક્રમ.

તા. ૦૧/૦૫/૨૦૧૫ થી તા. ૧૫/૦૫/૨૦૧૫

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:- મસમ-૧૦૨૦૧૫-૨૭/MGSM Cell,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૪/૨૦૧૫

વંચાણે લીધુ :-

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર નં.MSM/102015/27/MGSM Cell, તા.૦૭/૦૪/૨૦૧૫

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર નં. MSM/102015/27/MGSM Cell, તા.૧૭/૦૪/૨૦૧૫

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનોપરિપત્ર નં. નમલ/૧૦૨૦૧૩/૯૬૫/ધ, તા.૧૮/૦૪/૨૦૧૫

પરિપત્ર :-

શહેરી વિસ્તારોમાં સઘન અને અસરકારક સફાઇ ઝુંબેશ દ્વારા શહેરોને "સ્વચ્છ અને સુંદર" બનાવવા માટે અને સ્વચ્છતા લક્ષી જન જાગૃતિ સુદ્રઢ કરવા રાજય સરકારશ્રી દ્વારા ચાલુ વર્ષે તા.૦૧/૦૫/૨૦૧૫ થી તા.૧૫/૦૫/૨૦૧૫ દરમ્યાન રાજયના તમામ શહેરી વિસ્તારોમાં સફાઇ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું વંચાણે લીધેલ ક્રમ (૧) થી (૩) માં નકકી કરવામાં આવેલ છે. ગુજરાત રાજય સ્થાપના દિન નિમિતે સમગ્ર રાજયમાં તા. ૦૧/૦૫/૨૦૧૫ થી તા. ૧૫/૦૫/૨૦૧૫ દરમ્યાન સફાઇ ઝુંબેશમાં સરકારની સાથે રાજયના તમામ નાગરિકો સહભાગી થાય, લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવે અને સ્વચ્છતાની ટેવો કેળવાય તે માટે ઉપરોકત વંચાણમાં લીધેલ પત્રોમાં જણાવેલ કામગીરી ઉપરાંત જાહેર સ્થળોની સઘન સફાઇ માટે નીચે જણાવ્યા મુજબની કામગીરી કરવાની થાય છે.

| | |
|---|---|
| ૦૧/૦૫/૨૦૧૫ | ▪ મહાત્મા ગાંધીજીની પ્રતિમા તથા નગરમાં આવેલ અન્ય મહાનુભાવોની પ્રતિમાઓની સફાઇ<br>▪ નગરના તમામ નાગરિકોને સાંકળી જનજાગૃતિ અંગેની રેલીનું ભવ્ય આયોજન<br>▪ ધાર્મિક સ્થળો અને પ્રવાસન સ્થળોની સામુહિક સફાઇ. |
| ૦૨/૦૫/૨૦૧૫ | બસ સ્ટેશન અને રેલ્વે સ્ટેશનની સામુહિક સફાઇ. |

| | |
|---|---|
| ૦૩/૦૫/૨૦૧૫ | હોસ્પીટલોની આસપાસના વિસ્તારની સફાઇ. |
| ૦૪/૦૫/૨૦૧૫ | શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, બગીચાઓ અને સર્કલોની સામુહિક સફાઇ. |
| ૦૫/૦૫/૨૦૧૫ | શાક માર્કેટ અને ખાણીપીણીના બજારોની સામુહિક સફાઇ. |
| ૦૬/૦૫/૨૦૧૫ | ઉકરડા, કચરાના ઢગલા, ઝાડી-ઝાંખરા, ગાંડા બાવળ અને ડેબ્રીસ વિગેરે દુર કરવાની કામગીરી. |
| ૦૭/૦૫/૨૦૧૫ | ડોર ટુ ડોર ઘનકચરાનું એકત્રીકરણ અને સેગ્રીગેશન કરવા અને એ માટે જનજાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો જેવા કે, વોર્ડ મિટીંગો, શેરી નાટકો, ભવાઇ, કઠપુતળીના ખેલ, પ્રદર્શનો વિગેરેનું આયોજન. |
| ૦૮/૦૫/૨૦૧૫ | જાહેર શૌચાલયોનું રીપેરીંગ અને રંગરોગાન, ઓપન ડ્રેઇન અને ભૂગર્ભ ગટરની સફાઇ તથા દવા છંટકાવ. |
| ૦૯/૦૫/૨૦૧૫ | પાણીના સ્ત્રોત, પાણીની ટાંકીઓ, અંડરગ્રાઉન્ડ સંપ, જાહેર પાણીના સ્ટેન્ડ તથા તેની આજુ બાજુની જગ્યાઓની સફાઇ. |
| ૧૦/૦૫/૨૦૧૫ | વરસાદી પાણીના નિકાલના કાંસ, સ્ટોમ વોટર, ડ્રેનેજ, નદી કિનારા, તળાવ કાંઠા અને વોટર બોડીની સામુહિક સફાઇ અને દવા છંટકાવ તેમજ રીપેરીંગની કામગીરી. |
| ૧૧/૦૫/૨૦૧૫ | નગરના તમામ સ્લમ વિસ્તારોમાં મેડીકલ ચેકઅપ કેમ્પ, સ્વચ્છતા માટે જાગૃતિ અંગેના કાર્યક્રમ. |
| ૧૨/૦૫/૨૦૧૫ | નાગરિકો પોતાના ઘરોમાં ભૂગર્ભ ટાંકીઓ-સેપ્ટીક ટેન્કની નિયમિત સફાઇ કરાવે તે માટે વોર્ડ વાઇઝ સામુહિક ઝુંબેશ. |
| ૧૩/૦૫/૨૦૧૫ | રખડતા ઢોરના ત્રાસ નિવારણ અને લારી-ગલ્લાની યોગ્ય વ્યવસ્થા કરવાની કામગીરી. |
| ૧૪/૦૫/૨૦૧૫ | લીકેજ શોધવાની ઝુંબેશ અને રીપેરીંગ, જાહેરમાં છોડાતુ ગંદુ પાણી અટકાવવાની તથા ખુલ્લા નળ દ્વારા થતાં પાણીના બગાડને અટકાવવાની ઝુંબેશ હાથ ધરવી અને ખુલ્લામાં વેચાતા બિનઆરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવાની કામગીરી. |
| ૧૫/૦૫/૨૦૧૫ | શહેરને હરીયાળુ બનાવવા અને પર્યાવરણની જાળવણી માટેના કાર્યક્રમો, જેવા કે, વૃક્ષો ઉછેરવા, વૃક્ષોને રક્ષણ આપવું, વૃક્ષોને સુંદર લાગે તે રીતે વ્યવસ્થિત કરવા, ગેરુ-ચુનો વગેરે લગાવવા. |

ઉપરોકત જણાવેલ કામગીરી માટે નીચે મુજબની સઘન વ્યવસ્થા ઉભી કરીને તે માટેની આનુષાંગિક કામગીરી હાથ ધરવાની રહેશે. તેમજ આ બાબતે વંચાણે લીધેલ -૧થી ૩

આગળનાં પત્રો, પરિપત્રથી અપાયેલ સૂચનાઓ અનુસાર કામગીરી કરવાની રહેશે.

(૧) જાહેર સ્થળોની સઘન સફાઇ માટે સંબંધિત વિભાગ તેમજ સ્થાનિક સ્વરાજય સંસ્થા દ્વારા પૂરતા પ્રમાણમાં કચેરીના હયાત કર્મચારીઓ અને સાધનો ઉપરાંતની જરૂરીયાત જણાયે પૂરતી વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સફાઇ ઝુંબેશ દરમ્યાન નિકળેલ ઘન કચરાને Recyclable તેમજ Bio-degradable ઘન કચરામાં Segregate કરી તેના સુવ્યવસ્થિત નિકાલ માટે પહેલેથી આયોજન કરવાનું રહેશે.

(3) જનજાગૃતિ અને જન ભાગીદારી માટે સઘન IEC activities કરવાની રહેશે. MGSM સાથે register થયેલ સ્વૈચ્છિક કાર્યકરોને સાંકળીને કાયમી ધોરણે જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(એમ.એન.મોદી)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- સર્વે અ.મુ.સ.શ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર (આપના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાઓ બોર્ડ/નિગમો/કંપનીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- મિશન ડાયરેકટરશ્રી, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ બિલ્ડીંગ, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સર્વે ખાતાના વડાઓ (આપના નિયંત્રણ હેઠળની કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- વહીવટી સંચાલકશ્રી,ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, બ્લોક નં-૫ / ૬ માળ, ઉધોગ ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર (તમામ નગરપાલિકાઓ તેમજ તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને જાણ કરવા) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, મેટ્રો લીંક એકસપ્રેસ ફોર ગાંધીનગર અને અમદાવાદ (મેગા) કંપની લિમીટેડ, ગાંધીનગર.
- જીલ્લા કલેકટરશ્રી, તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (તમામ નગરપાલિકાઓને નકલ મોકલવા વિનંતી છે.) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- નાયબ નિયામકશ્રી,મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન,ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ બિલ્ડીંગ, ગાંધીનગર. (તમામ નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓને જાણ કરવા તથા જરૂરી કાર્યવાહી સારૂ)
- નાયબ નિયામકશ્રી,ગુજરાત રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન,ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ બિલ્ડીંગ, ગાંધીનગર.
- પ્રાદેશિક નગરપાલિકા નિયામક, કલેકટર કચેરી કમ્પાંઉન્ડ. રાજકોટ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

<u>નકલ સવિનય જાણ સારૂ રવાનાઃ-</u>

- અંગત સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (હાઉસીંગ અને નિ.ગુ.),શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.